| | | |
|---|---|---|
| Registration No | : | REFER-T-LC/104/2015 |
| Filing No. | : | REFER-T-LC/104/2015 |
| Filed On | : | 01/12/2015 |
| Registered On | : | 01/12/2015 |
| Decided on | : | 27/12/2019 |
| Duration | : | dd-26/mm-00/yy-04s |

**IN THE LABOUR COURT AT ANAND**

**Reference T NO. 104 OF 2015.**

**REFER-T-LC/104/2015** **Exh.49**

**Second Party :**

1. **DILIPBHAI BHAGVANSINH PADHIYAR**
   **19, SHRUTI PARK, B/H.AKRUTI NAGAR,**
   **JITODIYA ROAD, ANAND**
   **C/O. AKHIL GUJARAT GENERAL MAZDOOR SANGH**
   **D-77, KRISHNA COMPLEX, Nr.BORSAD CHOKDI, ANAND**

**VERSUS**

**First Party :**

1. **MANAGER SHRI/MOTHER DAIRY FRUIT & VEGETABLE PVT. LTD. (NEEM BIOSIDE PLANT)**
   **At.JAHANGIRPURA, HADGUD, Po.GOPALPURA, Ta.Di.ANAND**

**Appearance:**
**J.A.KAZI Union Representative For Second Party**
**R.R.PARIKH & B.R.SHAH Advocate For First Party**

વિષયઃ ઔધોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ ની કલમ–૧૦(૧)સી અન્વયે ન્યાયિક નિર્ણય લેવા બાબત.

– : **એ વો ર્ડ** : –

(૧) બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર વિરૂધ્ધ ઔધોગિક તકરાર ઉપસ્થિત કરતાં તેમાં સમાધાન નિષ્ફળ જતાં મદદનીશ શ્રમ આયુકત, આણંદનાએ તેઓના હુકમ ક્રમાંક : નં. કે.એચ.આર./૨૦૦૧/ આઈ.ડી.આર./૧૦(૧)૬૦/૨૦૧૫ તા. ૩૦/૧૧/૨૦૧૫ માં જણાવ્યા મુજબની અનુસુચિ પ્રમાણે ઔધોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ ની કલમ–૧૦(૧)(સી) મુજબ અત્રેની અદાલતને રેફરન્સ કરેલ છે.

**અનુસુચિ :– દિલીપ ભગવાનસિંહ પઢીયારને તેમના પડેલા દિવસોના પગાર સહીત નોકરીની સળંગતા સહીત મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા કે કેમ?**

(૨) બીજા પક્ષકાર તરફે આંક : પથી માંગણા નિવેદન રજુ કરી એવું જણાવેલ છે કે, બીજા પક્ષકાર પ્રથમ

પક્ષકાર સંસ્થામાં તા. ૨૧/૦૭/૧૯૯૭ના રોજ ફીટર તરીકે નોકરીમાં દાખલ થયેલ ત્યારે સંસ્થાનું નામ નેશનલ ટ્રી ગ્રોઅર્સ કો.ઓ. ફેડરેશન હતું અને ત્યારબાદ આશરે ૨૦૦૨માં સંસ્થાનુ નામ ફાઉન્ડેશન ફોર ઈકોલોજીકલ સીક્યુરીટી કરવામાં આવેલુ તેમાં પણ બીજા પક્ષકારને સળંગ નોકરીથી તેજ હોદ્દા ઉપર રાખવામાં આવેલ. ત્યારબાદ સને ૨૦૦૨માં મધર ડેરી ફ્રુટ પ્રોસેસીંગ લી. એવું નામ કરવામાં આવેલ અને તે વખતે પણ બીજા પક્ષકારને તા. ૨૮/૧૨/૨૦૦૨ના રોજ લેખિત નિમણુંકપત્ર આપી એટેન્ડન્ટ ઓપરેટર તરીકે ફીટરના જ હોદ્દા ઉપર સળંગતા અને સાતત્યતા સાથે નિમણુંક આપેલ. આશરે ૨૦૦૮માં સંસ્થાનું નામ મધર ડેરી ફ્રુટ એન્ડ વેજીટેબલ પ્રા. લી. કરવામાં આવેલ. આમ આ રીતે સંસ્થાના નામમાં વારંવાર ફેરફારો કરવામાં આવેલ હોવા છતાં બીજા પક્ષકાર પહેલેથી છેલ્લે સુધી ફીટર અને ઓપરેટર તરીકે જ સતત અને એકધારી કામગીરી કરતા આવેલા. વધુમાં પ્રથમ પક્ષકાર સંસ્થામાં લીમડાના ઝાડ ઉપર થતી લીંબોડી ઉપર પ્રોસેસ કરી તેમાંથી જંતુનાશક દવા અને ખાતરનુ ઉત્પાદન કરવામાં આવતું હતું અને તેમાં ૭૦ થી ૮૦ જેટલા કર્મચારીઓ કામ કરતા હતા. ફેક્ટરી ત્રણ પાળીમાં ચાલતી હતી અને તેમાં બીજા પક્ષકાર ફીટર કમ ઓપરેટર તરીકે છેલ્લા માસિક રૂા. ૨૮,૪૫૨/-ના પગારથી કામ કરતા હતા. બીજા પક્ષકારની દર અઠવાડીયે પાળી બદલાતી હતી. બીજા પક્ષકારે પ્લાન્ટમાં કોઈ મીકેનીકલ રીપેરીંગ કે મેન્ટેનન્સ હોય તો તેનો રીપેરીંગ કરવાની અને એસ.ઈ.પી. પ્લાન્ટ ઓપરેટ કરવાનો હતો અને કામગીરી બાબતે નાનો સરખો મૌખિક ઠપકો પણ મળેલ નથી જેથી લેખિત નોટીસ કે મેમો મળવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. વધુમાં પ્રથમ પક્ષકાર સંસ્થા ભારતીય કંપની કાયદો-૧૯૫૬ હેઠળ નોંધાયેલ કંપની છે. તેની મુખ્ય ઓફીસ દિલ્હી ખાતે આવેલ છે અને આ પ્લાન્ટ ઉપરાંત દુધની ડેરી તેમજ ફ્રુટ અને વેજીટેબલના પ્રોડક્ટસનું વેચાણ અને એક્સ્પોર્ટ કરે છે. તેની મોટી-મોટી ડેરીઓ દિલ્હી, જુનાગઢ, રામગઢ,(યુ.પી.) ઈટાવા વગેરે સ્થળે આવેલ છે તેમજ ફુડ પ્રોસેસીંગ યુનિટ દિલ્હી, બેંગ્લોર અને યુ.પી. ખાતે આવેલ છે તેની એક્સ ઓફીસો ભારત દેશના રાજ્યોના દરેક મોટા શહેરોમાં આવેલ છે જેમાં હજારોની સંખ્યામાં કર્મચારી વર્ગ નોકરી કરે છે. વધુમાં ક્લોઝરની તૈયારી રૂપે ડીસેમ્બર-૨૦૧૩ના વર્ષમાં દર વર્ષે નવા વર્ષનુ જે બજેટ તૈયાર કરવામાં આવતું તે બંધ કરી દેવામાં આવેલ. ત્યારબાદ માત્ર જે કાચો માલ પડેલ હતો તેના ઉપર પ્રોસેસ કરીને ઉત્પાદન ચાલુ રાખેલ પરંતુ ફેબ્રુઆરી-૨૦૧૪થી ઉત્પાદન કામગીરી ક્રમશઃ બંધ કરી દીધેલ અને સંસ્થામાં જે કોન્ટ્રાક્ટ લેબરો હતા તેમને છુટા કરી દેવામાં આવેલા અને હાલમાં પ્લાન્ટને

સમગ્ર રીતે સીલ કરી તાળા મારી દીધેલ છે. વધુમાં સંસ્થાને જો પ્લાન્ટ જ બંધ કરવો હતો તો આઈ.ડી.એક્ટ ૧૯૪૭ ની કલમ–૨૫(ઓ) મુજબની કાર્યવાહી કરવાની જરૂર હતી પરંતુ મેનેજમેન્ટને એ વાતની જાણ હતી કે કંપની પાસે પ્લાન્ટ બંધ કરવા માટે કોઈ આર્થિક કે બીજા સબબ કારણો હતા નહીં તેથી પરવાનગી મળશે નહીં તેથી મેનેજમેન્ટ દ્વારા સદર જોગવાઈમાંથી બચવા કંપનીના તમામે તમામ સ્ટાફને એક પછી એક જુદા–જુદા સ્થળે ટ્રાન્સફર આપી પ્લાન્ટ બંધ કરી દીધેલ જેના ભાગરૂપે બીજા પક્ષકારને તા. ૨૫/૦૯/૨૦૧૪ના રોજ લેખિત હુકમ આપી ઉત્તરપ્રદેશમાં ઈટાવા ખાતે બદલી કરવામાં આવેલ. આ બદલીઓ ગેરકાયદેસર ઠરાવવા બાબતે ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત કરેલ જે સમાધાન કાર્યવાહીમાં પડતર હતી છતાં પરવાનગી અરજી કર્યા વગર બદલીના હુકમો આપેલા. બદલીનો હુકમ જ ગેરકાયદસેર, ગેરવ્યાજબી અને દ્વેષયુક્ત હોવાથી તેનું પાલન કરવાનુ શક્ય ન હતું અને યુ.પી. ખાતે આર્થિક રીતે પોષાય તેમ ન હોય તેમજ કૌટુંબિક મુશ્કેલીઓ પણ હોય વળી ત્યાં બીજા પક્ષકાર સમકક્ષ કોઈ કામગીરી પણ નહતી તેથી બીજા પક્ષકારે બદલીના હુકમનુ પાલન કરેલ ન હતું જેથી બીજા પક્ષકારને તા. ૧૯/૧૨/૨૦૧૪ના રોજ લેખિત હુકમ આપી નોકરીમાંથી છુટા કરવામાં આવેલા. વધુમાં બીજા પક્ષકારને નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરતાં પહેલાં કોઈ ખાતાકીય તપાસ કરેલ નથી અને છટણીનો હુકમ કર્યા છતાં કલમ–૨૫(એમ) નું પાલન કર્યા વગર છટણી કરવામાં આવેલ છે. બીજા પક્ષકારને છુટા કરતાં બીજા પક્ષકારે મદદનીશ શ્રમ આયુક્તશ્રી, આણંદ સમક્ષ પુનઃસ્થાપનાની ફરીયાદ લખાવેલ પરંતુ સમાધાન શક્ય ન બનતા આ વિવાદ અત્રેની અદાલતને ન્યાય નિર્ણય માટે સુપ્રત કરવામાં આવેલ છે. બીજા પક્ષકારે નોકરીમાંથી છુટા કર્યા તારીખના અગાઉના વર્ષોમાં ૨૪૦ દિવસથી વધુ કામગીરી કરેલ છે તેમજ બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા બાદ અન્ય બીજી જગ્યાએ નોકરી મેળવવા પ્રયત્નો કરેલ છે પરંતુ કોઈ જગ્યાએ નોકરી મળેલ નથી અને હાલ બેકાર છે. સંસ્થા નોકરી રાખે તો વિવાદ ઉભો રાખી ફરજ ઉપર હાજર થવા તૈયાર હોય પેરા–૧૨માં જણાવ્યા પ્રમાણે દાદ માંગેલ છે.

(૩) પ્રથમ પક્ષકારને નોટીસ ઈસ્યુ કરતાં તે બજી જતાં પ્રથમ પક્ષકાર તરફે આંક : ૧૨થી લેખિત જવાબ રજુ કરી બીજા પક્ષકારની માંગણા નિવેદનની હકીકતોનો ઈન્કાર કરી એવું જણાવેલ છે કે, બીજા પક્ષકારે કરેલ આક્ષેપો અને વિગતો સાચી અને ખરી નથી. સ્પષ્ટપણે જવાબમાં સ્વીકાર્યા સિવાયની બીજા પક્ષકારની હકીકતોનો ઈન્કાર કરીએ છીએ અને તે ખરી નથી અને તે બીજા પક્ષકારે પુરવાર કરવી

જોઈએ. પેરા–૧ની હકીકતો બાબતો ફોર્મલ હોય તેથી તેનો કોઈ જવાબ જરૂરી નથી. પેરા–૨માં જણાવેલ હકીકતો ખરી ન હોય તેનો ઈન્કાર કરવામાં આવે છે અને સ્પષ્ટપણે દસ્તાવેજી પુરાવાઓ દ્વારા બીજા પક્ષકારે તે પુરવાર કરવાના રહે છે. બીજા પક્ષકારની નોકરીમાં જોડાયાની તારીખ અને છેલ્લો પગાર વિગેરે બાબતો રેકર્ડની બાબત છે. પેરા–૩ અને ૪માં જણાવેલ હકીકતો ખરી ન હોય તેનો ઈન્કાર કરવામાં આવે છે અને સ્પષ્ટપણે દસ્તાવેજી પુરાવાઓ દ્વારા બીજા પક્ષકારે તે પુરવાર કરવાના રહે છે. પેરા–૫માં જણાવેલ હકીકતો ખરી ન હોય તેનો ઈન્કાર કરવામાં આવે છે અને સ્પષ્ટપણે દસ્તાવેજી પુરાવાઓ દ્વારા બીજા પક્ષકારે તે પુરવાર કરવાના રહે છે. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારની ઈટાવા(યુ.પી.) મુકામેની સાઈટ પર તા. ૨૫/૦૯/૨૦૧૪ના પત્રથી ધંધાકીય જરૂરીયાત માટે અને નિમણુંક લેટરના ટર્મસ એન્ડ કન્ડીશન મુજબ ટ્રાન્સફર કરવામાં આવેલ હતી. પેરા–૬,૭,૮ની રેફરન્સની હકીકતો ખોટી હોય તેનો ઈન્કાર કરવામાં આવે છે. બીજા પક્ષકાર ઈટાવા મુકામે પોતાની ફરજ ઉપર હાજર થયેલ નથી અને વગર પરવાનગીએ ગેરહાજર રહેલ છે અને ગેરહાજરી અંગે કોઈ કારણ દર્શાવેલ નથી. જેથી પ્રથમ પક્ષકાર પાસે બીજા પક્ષકારને તા. ૧૯/૧૨/૨૦૧૪ના લેટરથી નોકરીમાંથી છુટા કરવા સિવાય કોઈ વિકલ્પ રહેતો ન હતો. પેરા–૮ એ,બી,સી,ડી,ઈ થી રેફરન્સની જણાવેલ હકીકતો ખોટી હોય તેનો ઈન્કાર કરવામાં આવે છે અને બીજા પક્ષકારે તે સ્પષ્ટ દસ્તાવેજી પુરાવાઓથી પુરવાર કરવાની રહે છે. પેરા–૯થી રેફરન્સમાં માંગેલ દાદ મેળવવા પ્રથમ પક્ષકાર પાસેથી બીજા પક્ષકાર હક્કદાર બનતા નથી. ખરી હકીકતે પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને શરૂઆતમાં કોન્ટ્રાક્ચ્યુઅલ એપોઈન્ટમેન્ટ તા. ૨૮/૦૧૨/૨૦૦૨ના રોજના પત્રથી ત્રણ મહીના તા. ૦૧/૦૧/૨૦૦૩ થી તા. ૩૧/૦૩/૨૦૦૩ સુધીની આપેલી અને તે બીજા પક્ષકારે તા. ૩૧/૧૨/૨૦૦૨ના રોજ સ્વીકારેલ અને ત્યારબાદ કોન્ટ્રાક્ચ્યુઅલ એપોઈન્ટમેન્ટ ધંધાની જરૂરીયાતના કારણસર બ્રેક વગર ૨૦૦૩–૦૪ સુધી લંબાવેલ. ત્યારબાદ તા. ૨૯/૦૭/૨૦૦૪ના પત્રથી પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને ઓપરેટર કમ ટેકનીશીયન ગ્રેડ–૩ના હોદ્દા પર કાયમી કર્મચારી તરીકે નિમણુંક આપેલ અને તે બીજા પક્ષકારે તા. ૨૯/૦૭/૨૦૦૪ના રોજ સ્વીકારેલ. બાદમાં ધંધાકીય હીતમાં પોતાનો નીમ બાયોસાઈડ પ્લાન્ટ ગુજરાત મુકામેનો બંધ કરવાનું નક્કી કરેલ અને વૈકલ્પિક રોજગાર આપવાના હેતુથી બીજા પક્ષકારને ઈટાવા(યુ.પી.) મુકામે તા. ૨૫/૦૯/૨૦૧૪ના પત્રથી ટ્રાન્સફર કરેલ અને તે ટ્રાન્સફર નિમણુંકપત્રના ટર્મસ અને કન્ડીશન મુજબની હતી પરંતુ બીજા

પક્ષકારે ટ્રાન્સફર પત્રમાં જણાવેલ સમયમાં હાજર થયા અંગેનો રીપોર્ટ કરેલ નહીં જેથી તા. ૦૭/૧૦/૨૦૧૪ અને તા. ૧૬/૧૦/૨૦૧૪ના બીજીવારની તક પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને ટ્રાન્સફરની જગ્યાએ હાજર થવા માટે આપેલી પરંતુ બીજા પક્ષકારે ફરીથી પ્રથમ પક્ષકારને જાણ કરવાની તસ્દી લીધા વિના કોઈપણ પ્રકારની પરવાનગી સિવાય ગેરહાજર રહેલા જેથી પ્રથમ પક્ષકાર પાસે તા. ૧૯/૧૨/૨૦૧૪ના પત્રથી બીજા પક્ષકારને કુલ અને ફાયનલ કાયદેસરના લેણા ચુકવી આપી તેઓની નોકરીમાંથી છુટા કરવા સિવાયનો વિકલ્પ ન રહેતાં નોકરીમાંથી છુટા કરેલા તેથી બીજા પક્ષકાર હાલના રેફરન્સમાં માંગેલ કોઈપણ પ્રકારની દાદ મેળવવા હક્કદાર થતા નથી પરંતુ બીજા પક્ષકારે દ્વેષવૃત્તિથી પ્રથમ પક્ષકારની સામે હાલનો રેફરન્સ દાખલ કરેલ છે અને દાવાદુવીમાં પ્રથમ પક્ષકારને ઘસડેલ છે અને તેથી હાલનો રેફરન્સ પ્રથમથી જ રદ કરવા વિનંતી.

(૪) બીજા પક્ષકાર તરફે હાલના રેફરન્સની હકીકતો પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ કરેલ છે.

મૌખિક પુરાવો :- આંક : ૧૩થી દિલીપભાઈ ભગવાનસિંહ પઢીયારનુ જુબાનીનું સોગંદનામુ રજુ કરેલ છે અને તે ઉપર પ્રથમ પક્ષકારના વિ.વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ.

દસ્તાવેજી પુરાવો :-

(૧) નિ. ૬/૧થી પ્રથમ પક્ષકાર દ્વારા આપેલ ઓળખકાર્ડ.

(૨) નિ. ૬/૨થી પ્રથમ પક્ષકાર દ્વારા આપેલ નિમણુંકપત્ર તા. ૨૮/૧૨/૨૦૦૨.

(૩) નિ. ૬/૩થી પ્રથમ પક્ષકાર દ્વારા આપેલ નિમણુંકપત્ર તા. ૨૯/૦૭/૨૦૦૪.

(૪) નિ. ૬/૪થી પ્રથમ પક્ષકાર દ્વારા આપેલ પરાસ્તી હુકમ તા. ૨૫/૦૬/૨૦૦૫.

(૫) નિ. ૬/૫થી પ્રથમ પક્ષકાર દ્વારા આપેલ રીવીજન ઓફ ગ્રેડનો હુકમ તા. ૨૭/૦૮/૨૦૦૮

(૬) નિ. ૬/૬થી પ્રથમ પક્ષકાર દ્વારા આપેલ રી ડેજીગ્નેશન હુકમ તા. ૨૯/૦૬/૨૦૦૯.

(૭) નિ. ૬/૭થી પ્રથમ પક્ષકાર દ્વારા આપેલ રીવીજન ઓફ ગ્રેડનો હુકમ તા. ૦૨/૦૫/૨૦૦૯

(૮) નિ. ૬/૮ થી પ્રથમ પક્ષકાર દ્વારા આપેલ રીવીજન ઓફ ગ્રેડનો હુકમ તા. ૨૪/૦૬/૨૦૧૧

(૯) નિ. ૬/૯થી પ્રથમ પક્ષકાર દ્વારા આપેલ રીવીજન ઓફ ગ્રેડનો હુકમ તા. ૨૧/૦૬/૨૦૧૨

(૧૦) નિ. ૬/૧૦થી પ્રથમ પક્ષકાર દ્વારા આપેલ રીવીજન ઓફ ગ્રેડનો હુકમ તા. ૨૪/૦૬/૨૦૧૩

(૧૧) નિ. ૬/૧૧થી પ્રથમ પક્ષકાર દ્વારા આપેલ રીવીજન ઓફ ગ્રેડનો હુકમ તા. ૨૬/૦૫/૨૦૧૪

(૧૨) નિ. ૬/૧૨થી બીજા પક્ષકારને ઈટાવા ખાતે ટ્રાન્સફર કરતો આપેલ હુકમ તા.

૨૫/૦૯/૨૦૧૪.

(૧૩) નિ. ૬/૧૩થી બીજા પક્ષકારને આપેલ મેમો તા. ૦૭/૧૦/૨૦૧૪.

(૧૪) નિ. ૬/૧૪થી બીજા પક્ષકારને આપેલ મેમો તા. ૦૭/૧૦/૨૦૧૪.

(૧૫) નિ. ૬/૧૫થી બીજા પક્ષકારને આપેલ નોકરીમાંથી છુટા કરવાનો હુકમ તા. ૧૯/૧૨/૨૦૧૪.

(૧) નિ. ૮/૧થી પ્રથમ પક્ષકાર સંસ્થાને માંગણા નિવેદન રજી.એ.ડી.થી મોકલેલ તે બજીને પરત આવેલ રજી.એ.ડી. ની સ્લીપ અસલ.

બીજા પક્ષકાર તરફે આંક : ૩૯થી પુરસીસ આપી રેફરન્સ નં. ૧૦૩/૨૦૧૫માં આંક : ૪૧થી રજુ કરેલ કુલ છ દસ્તાવેજો કોમન અને એકસરખા હોય આ રેફરન્સમાં ગણવા અરજ કરેલ છે.

(૫) જયારે પ્રથમ પક્ષકાર તરફે

મૌખિક પુરાવો :- (૧) આંક : ૨૦થી વિક્રમસીંઘ (આસી. મેનેજર) નુ મૌખિક પુરાવાનુ સોગંદનામુ રજુ કરેલ છે અને તે ઉપર બીજા પક્ષકારના વિ.પ્રતિનિધીશ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ.

(૨) આંક : ૨૬થી દ્રિતેન્દ્રચંદ્ર દાસગુપ્તા (ડેપ્યુ. જનરલ મેનેજર) નુ મૌખિક પુરાવાનુ સોગંદનામુ રજુ કરેલ છે અને તે ઉપર બીજા પક્ષકારના વિ.વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ.

દસ્તાવેજી પુરાવો :-

(૧) નિ. ૪૨/૧થી બીજા પક્ષકાર ધ્વારા મે. ઔધ્યોગિક ટ્રીબ્યુનલમાં દાખલ કરેલ રેફરન્સ (આઈ.ટી.) નં. ૭૪/૨૦૧૮ના માંગણા નિવેદનની નકલ.

ઉપરોક્ત પુરાવાઓ સિવાય બન્ને પક્ષકારો તરફે અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી અને બીજા પક્ષકાર તરફે આંક : ૧૬ની પુરસીસથી પુરાવો પુરો થયેલાનું જાહેર કરેલ છે અને પ્રથમ પક્ષકાર તરફે આંક : ૨૭ની પુરસીસથી પુરાવો પુરો થયેલાનું જાહેર કરેલ છે.

(૬) બન્ને પક્ષકારો પૈકી બીજા પક્ષકાર તરફે રેફરન્સ કેસ નં. ૧૦૩/૨૦૧૫માં આંક : ૪૨થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે તેમજ તેમના વિ. પ્રતિનિધીશ્રીની મૌખિક દલીલો પણ સાંભળવામાં આવેલ છે. જયારે પ્રથમ પક્ષકાર તરફે આંક : ૩૮થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે. બીજા પક્ષકાર તરફે તેમની દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે.

(1) 2005 I, CLR, 816, (Supreme Court of India), Oswal Agro Furane Ltd.

& Anr. Vs. Oswal Agro Furane Workers Union & Ors.

(2) 2007 (2), LLN, 630, (Supreme Court of India), Uttaranchal Forest Development Vs. Jabar Singh & Ors.

(3) 2010 I, CLR, 303, (Bombay High Court), I.V.P. Limited, Mumbai Vs. I.V.P. Limited Workers Union & Anr.

(4) 2004 (III), CLR, 186, (Orissa High Court), Surendra Nath Biswal And Ors. Vs. Oresiding Officer, Labour Court.

(5) 2011 (II), CLR, 485, (Gujarat High Court), Mayank Desai Vs. Sayaji Iron & Engg. Co. Ltd. & Anr.

જ્યારે પ્રથમ પક્ષકાર તરફે તેમની દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ કરવામાં આવેલ છે.

(1) 2012, CJ, (Del_2280, (Delhi High Court), Premsingh Vs. P.O. Labour Court No.V and Anr.

(2) 2018, LLR, 493, (Punjab and Hariyana High Court), Nav Bharat Industries Vs. Presiding Officer and Another.

(3) 2018, LLR, 628, (Delhi High Court), Dev Narayan Vs. Mgmt. Of M/s. Auto Precision.

(4) 2018, LLR, 727, (Himachal Pradesh High Court), H.P. State Co-Operative Marketing and Consumers Federation Ltd. Vs. Nain sukh.

ઉપરોક્ત ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો આ રેફરન્સ કેસના નિર્ણય માટે ધ્યાને રાખેલ છે.

(૭) રેકર્ડ ઉપરની હકીકતો, પુરાવાઓ તથા બન્ને પક્ષકારોની દલીલો અને રજુ કરવામાં આવેલ ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં હાલના રેફરન્સના ન્યાયિક નિર્ણય અર્થે નીચે પ્રમાણેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, તેઓ તેમના પડેલા દિવસોના પગાર સહીત નોકરીની

સળંગતા સહીત તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત થવા હકકદાર છે?

(૨) શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે.

(૧) અંશતઃહકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**-: <u>કા ર ણો</u> :-**

(૯) **<u>મુદ્દા નં. ૧</u> :-** આ કામે પક્ષકારો વચ્ચે ઔદ્યોગિક વિવાદ ઉપસ્થત થતાં મદદનીશ મજુર કમિશ્નર દ્વારા હાલનો રેફરન્સ ન્યાય નિર્ણય સારુ અત્રેની અદાલતને રીફર કરી અનુસુચિ મુજબ બીજા પક્ષકારને તેમના પડેલા દિવસોના પગાર સહીત નોકરીની સળંગતા સહીત મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ? તે બાબતે અત્રેની અદાલત તરફથી સદર અનુસુચિ મુજબ બન્ને પક્ષકારોને નોટીસ પાઠવી બચાવની પુરતી તક આપેલ છે. આ કામે હાલનો રેફરન્સ ઉપસ્થિત થતાં આ કામના બીજા પક્ષકારે આંક : પથી માંગણા નિવેદન રજુ કરી જણાવેલ છે કે, તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા. ૨૧/૦૭/૧૯૯૭ના રોજ ફીટર તરીકે નોકરીમાં દાખલ થયેલ ત્યારે સંસ્થાનું નામ નેશનલ ટ્રી ગ્રોઅર્સ કો.ઓ. ફેડરેશન હતું અને ત્યારબાદ આશરે ૨૦૦૨માં સંસ્થાનુ નામ ફાઉન્ડેશન ફોર ઈકોલોજીકલ સીક્યુરીટી કરવામાં આવેલુ તેમાં પણ તેઓને સળંગ નોકરીથી તેજ હોદ્દા ઉપર રાખવામાં આવેલ. ત્યારબાદ સને ૨૦૦૨માં મધર ડેરી ફ્રુટ પ્રોસેસીંગ લી. એવું નામ કરવામાં આવેલ અને તે વખતે પણ તેઓને તા. ૨૮/૧૨/૨૦૦૨ના રોજ લેખિત નિમણુંકપત્ર આપી એટેન્ડન્ટ ઓપરેટર તરીકે ફીટરના જ હોદ્દા ઉપર સળંગતા અને સાતત્યતા સાથે નિમણુંક આપેલ. આશરે ૨૦૦૮માં સંસ્થાનું નામ મધર ડેરી ફ્રુટ એન્ડ વેજીટેબલ પ્રા. લી. કરવામાં આવેલ. આમ આ રીતે સંસ્થાના નામમાં વારંવાર ફેરફારો કરવામાં આવેલ હોવા છતાં તેઓ પહેલેથી છેલ્લે સુધી ફીટર અને ઓપરેટર તરીકે જ સતત અને એકધારી કામગીરી કરતા આવેલા. પ્રથમ પક્ષકાર સંસ્થામાં લીમડાના ઝાડ ઉપર થતી લીંબોડી ઉપર પ્રોસેસ કરી તેમાંથી જંતુનાશક દવા અને ખાતરનુ ઉત્પાદન કરવામાં આવતું હતું અને તેમાં ૭૦ થી ૮૦ જેટલા કર્મચારીઓ કામ કરતા હતા. ફેક્ટરી ત્રણ પાળીમાં ચાલતી હતી અને તેમાં તેઓ ફીટર કમ ઓપરેટર તરીકે છેલ્લા માસિક રૂા. ૨૮,૪૫૨/-ના પગારથી કામ કરતા હતા. તેઓની દર અઠવાડીયે પાળી બદલાતી હતી. તેઓએ પ્લાન્ટમાં કોઈ મીકેનીકલ રીપેરીંગ કે

મેન્ટેનન્સ હોય તો તેનો રીપેરીંગ કરવાની અને એસ.ઈ.પી. પ્લાન્ટ ઓપરેટ કરવાનો હતો અને કામગીરી બાબતે નાનો સરખો મૌખિક ઠપકો પણ મળેલ નથી જેથી લેખિત નોટીસ કે મેમો મળવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. પ્રથમ પક્ષકાર સંસ્થા ભારતીય કંપની કાયદો–૧૯૫૬ હેઠળ નોંધાયેલ કંપની છે. તેની મુખ્ય ઓફીસ દિલ્હી ખાતે આવેલ છે અને આ પ્લાન્ટ ઉપરાંત દુધની ડેરી તેમજ ફ્રુટ અને વેજીટેબલના પ્રોડક્ટસનું વેચાણ અને એક્સ્પોર્ટ કરે છે. તેની મોટી–મોટી ડેરીઓ દિલ્હી, જુનાગઢ, રામગઢ,(યુ.પી.) ઈટાવા વગેરે સ્થળે આવેલ છે તેમજ ફુડ પ્રોસેસીંગ યુનિટ દિલ્હી, બેંગ્લોર અને યુ.પી. ખાતે આવેલ છે તેની એક્સ ઓફીસો ભારત દેશના રાજ્યોના દરેક મોટા શહેરોમાં આવેલ છે જેમાં હજારોની સંખ્યામાં કર્મચારી વર્ગ નોકરી કરે છે. ક્લોઝરની તૈયારી રૂપે ડીસેમ્બર–૨૦૧૩ના વર્ષમાં દર વર્ષે નવા વર્ષનુ જે બજેટ તૈયાર કરવામાં આવતું તે બંધ કરી દેવામાં આવેલ. ત્યારબાદ માત્ર જે કાચો માલ પડેલ હતો તેના ઉપર પ્રોસેસ કરીને ઉત્પાદન ચાલુ રાખેલ પરંતુ ફેબ્રુઆરી–૨૦૧૪થી ઉત્પાદન કામગીરી ક્રમશઃ બંધ કરી દીધેલ અને સંસ્થામાં જે કોન્ટ્રાક્ટ લેબરો હતા તેમને છુટા કરી દેવામાં આવેલા અને હાલમાં પ્લાન્ટને સમગ્ર રીતે સીલ કરી તાળા મારી દીધેલ છે. સંસ્થાને જો પ્લાન્ટ જ બંધ કરવો હતો તો આઈ.ડી.એક્ટ ૧૯૪૭ ની કલમ–૨૫(ઓ) મુજબની કાર્યવાહી કરવાની જરૂર હતી પરંતુ મેનેજમેન્ટને એ વાતની જાણ હતી કે કંપની પાસે પ્લાન્ટ બંધ કરવા માટે કોઈ આર્થિક કે બીજા સબબ કારણો હતા નહીં તેથી પરવાનગી મળશે નહીં તેથી મેનેજમેન્ટ દ્ધારા સદર જોગવાઈમાંથી બચવા કંપનીના તમામે તમામ સ્ટાફને એક પછી એક જુદા–જુદા સ્થળે ટ્રાન્સફર આપી પ્લાન્ટ બંધ કરી દીધેલ જેના ભાગરૂપે તેઓને તા. ૨૫/૦૯/૨૦૧૪ના રોજ લેખિત હુકમ આપી ઉત્તરપ્રદેશમાં ઈટાવા ખાતે બદલી કરવામાં આવેલ. આ બદલીઓ ગેરકાયદેસર ઠરાવવા બાબતે ઔધોગિક તકરાર ઉપસ્થિત કરેલ જે સમાધાન કાર્યવાહીમાં પડતર હતી છતાં પરવાનગી અરજી કર્યા વગર બદલીના હુકમો આપેલા. બદલીનો હુકમ જ ગેરકાયદસેર, ગેરવ્યાજબી અને દ્ધેષયુક્ત હોવાથી તેનું પાલન કરવાનુ શક્ય ન હતું અને યુ.પી. ખાતે આર્થિક રીતે પોષાય તેમ ન હોય તેમજ કૌટુંબિક મુશ્કેલીઓ પણ હોય વળી ત્યાં તેઓ સમકક્ષ કોઈ કામગીરી પણ ન હતી તેથી તેઓએ બદલીના હુકમનુ પાલન કરેલ ન હતું જેથી તેઓને તા. ૧૯/૧૨/૨૦૧૪ના રોજ લેખિત હુકમ આપી નોકરીમાંથી છુટા કરવામાં આવેલા. તેઓને નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરતાં પહેલાં કોઈ ખાતાકીય તપાસ કરેલ નથી અને છટણીનો હુકમ કર્યા છતાં કલમ–૨૫(એમ)નું પાલન કર્યા વગર છટણી કરવામાં આવેલ છે.

તેઓને છુટા કરતાં તેઓએ મદદનીશ શ્રમ આયુક્તશ્રી, આણંદ સમક્ષ પુનઃસ્થાપનાની ફરીયાદ લખાવેલ પરંતુ સમાધાન શક્ય ન બનતા આ વિવાદ અત્રેની અદાલતને ન્યાય નિર્ણય માટે સુપ્રત કરવામાં આવેલ છે. તેઓએ નોકરીમાંથી છુટા કર્યા તારીખના અગાઉના વર્ષોમાં ૨૪૦ દિવસથી વધુ કામગીરી કરેલ છે તેમજ તેઓને નોકરીમાંથી છુટા કર્યા બાદ અન્ય બીજી જગ્યાએ નોકરી મેળવવા પ્રયત્નો કરેલ છે પરંતુ કોઈ જગ્યાએ નોકરી મળેલ નથી અને હાલ બેકાર છે. સંસ્થા નોકરી રાખે તો વિવાદ ઉભો રાખી ફરજ ઉપર હાજર થવા તૈયાર છે તેવી હકીકત જણાવેલ છે. બીજા પક્ષકારના માંગણા નિવેદનના અનુસંધાનમાં પ્રથમ પક્ષકાર તરફે આંક : ૧૨થી જવાબ આપી બીજા પક્ષકારના માંગણા નિવેદનની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે, પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને શરૂઆતમાં કોન્ટ્રાક્ચ્યુઅલ એપોઈન્ટમેન્ટ તા. ૨૮/૦૧૨/૨૦૦૨ના રોજના પત્રથી ત્રણ મહીના તા. ૦૧/૦૧/૨૦૦૩ થી તા. ૩૧/૦૩/૨૦૦૩ સુધીની આપેલી અને તે બીજા પક્ષકારે તા. ૩૧/૧૨/૨૦૦૨ના રોજ સ્વીકારેલ અને ત્યારબાદ કોન્ટ્રાક્ચ્યુઅલ એપોઈન્ટમેન્ટ ધંધાની જરૂરીયાતના કારણસર બ્રેક વગર ૨૦૦૩-૦૪ સુધી લંબાવેલ. ત્યારબાદ તા. ૨૯/૦૭/૨૦૦૪ના પત્રથી પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને એક્ઝીક્યુટીવ ગ્રેડ-૩ના હોદ્દા પર કાયમી કર્મચારી તરીકે નિમણુંક આપેલ અને તે બીજા પક્ષકારે તા. ૨૯/૦૭/૨૦૦૪ના રોજ સ્વીકારેલ. બાદમાં ધંધાકીય હીતમાં પોતાનો નીમ બાયોસાઈડ પ્લાન્ટ ગુજરાત મુકામેનો બંધ કરવાનું નક્કી કરેલ અને વૈકલ્પિક રોજગાર આપવાના હેતુથી બીજા પક્ષકારને ઈટાવા(યુ.પી.) મુકામે તા. ૨૫/૦૯/૨૦૧૪ના પત્રથી ટ્રાન્સફર કરેલ અને તે ટ્રાન્સફર નિમણુંકપત્રના ટર્મસ અને કન્ડીશન મુજબની હતી પરંતુ બીજા પક્ષકારે ટ્રાન્સફર પત્રમાં જણાવેલ સમયમાં હાજર થયા અંગેનો રીપોર્ટ કરેલ નહીં જેથી તા. ૦૭/૧૦/૨૦૧૪ અને તા. ૧૬/૧૦/૨૦૧૪ના બીજી વારની તક પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને ટ્રાન્સફરની જગ્યાએ હાજર થવા માટે આપેલી પરંતુ બીજા પક્ષકારે ફરીથી પ્રથમ પક્ષકારને જાણ કરવાની તસ્દી લીધા વિના કોઈપણ પ્રકારની પરવાનગી સિવાય ગેરહાજર રહેલા જેથી પ્રથમ પક્ષકાર પાસે તા. ૧૯/૧૨/૨૦૧૪ના પત્રથી બીજા પક્ષકારને કુલ અને ફાયનલ કાયદેસરના લેણા ચુકવી આપી તેઓની નોકરીમાંથી છુટા કરવા સિવાયનો વિકલ્પ ન રહેતાં નોકરીમાંથી છુટા કરેલા તેથી બીજા પક્ષકાર હાલના રેફરન્સમાં માંગેલ કોઈપણ પ્રકારની દાદ મેળવવા હક્કદાર થતા નથી પરંતુ બીજા પક્ષકારે દ્વેષવૃત્તિથી પ્રથમ પક્ષકારની સામે હાલનો રેફરન્સ દાખલ કરેલ છે અને દાવાદુવીમાં પ્રથમ

પક્ષકારને ઘસડેલ છે અને તેથી હાલનો રેફરન્સ પ્રથમથી જ રદ કરવા વિનંતી કરેલ છે.

(૧૦) આ કામે બીજા પક્ષકાર તરફે તેમના કેસના સમર્થનમાં આંક : ૧૩થી દિલીપભાઈ ભગવાનસિંહ પઢીયારની સરતપાસની એફીડેવીટ રજુ કરેલ છે જેમાં પોતાની સોગંદ ઉપરની ઉલટ તપાસમાં એવી હકીકત જણાવે છે કે, હું આઈ.ટી.આઈ વીથ બી.એ સુધી ભણેલો છું. મેં બી.એ. ઈકોનોમીક્સ પર કરેલું છે. મારે સંસ્થામાં ફીટર કમ ઓપરેટર તરીકે કામ કરવાનું હતું. મીકેનીકલ રીપેરીંગ કે મેન્ટેનન્સનું કામ પણ અમારે કરવાનું હતું, મારા કહેવા પ્રમાણે આ કામ ફીટર કરે. મને ૬/૨ વાળો દસ્તાવેજ બતાવીને પૂછતાં જણાવું છું કે, તે મારો એપોઈન્મેન્ટ લેટર છે તે મારી કોન્ટ્રાક્ચ્યુલ એપોઈન્ટમેન્ટ હતી તે તા. ૦૧/૦૧/૨૦૦૩ થી ૩૧/૦૩/૨૦૦૩ સુધીની હતી. આ એપોઈન્ટમેન્ટ લેટર મેં વાંચી સમજીને મારી સહી કરેલ છે. મને નિ. ૬/૩ વાળો દસ્તાવેજ બતાવી પૂછતાં જણાવું છું કે, તે મારો ઓફરનો એપોઈન્ટમેન્ટ લેટર છે જે તા. ૦૧/૦૪/૨૦૦૩થી પે સ્કેલની ગણતરી બાબતનો છે. મને નિ. ૬/૪ વાળો પત્ર બતાવી પૂછતાં જણાવું છું કે, તે મારો નોકરીના સાતત્ય બાબતનો છે. મને નિ. ૬/૫ વાળો દસ્તાવેજ બતાવવામા આવે છે જે જોઈ કહું છું કે તે મારો પ્રમોશન સાથેનો એપોઈન્ટમેન્ટ લેટર છે જે તા. ૦૧/૦૪/૨૦૦૮થી લાગુ પડે તે રીતનો છે અને તેમાં મને ઓપરેટર કમ ટેક્નીશ્યન ગ્રેડ-૨નો હોદ્દો આપેલો. તે પત્રમાં પણ મેં સમજી વિચારીને સહી કરેલ છે. મને નિ. ૬/૬ વાળો દસ્તાવેજ બતાવી પૂછતાં જણાવું છું કે, તે મારો નોકરીના સાતત્ય બાબતનો પત્ર છે. મને નિ. ૬/૭ થી નિ. ૬/૧૧ વાળા દસ્તાવેજો બતાવી પૂછતાં જણાવું છું કે, તે મારા વાર્ષિક પગાર ધોરણ છે. તેમાં પી.એફ. તથા ગ્રેજ્યુઈટીનો પણ સમાવેશ કરેલ છે તેમજ વોશીંગ એલાઉન્સ, મેડીકલ રીએમ્બર્સમેન્ટ, કન્વેયન્સ રીએમ્બર્સમેન્ટ વિગેરે તમામની ગણતરી કરી તે મુજબનો અમોને વાર્ષિક ૩,૪૧,૪૨૪/- કુલ પગાર ચુકવવામાં આવતો હતો. મને નિ. ૬/૧૨ વાળો દસ્તાવેજ બતાવી પૂછતાં જણાવું છું કે, તે મારો ટ્રાન્સફર પત્ર છે, મારી ટ્રાન્સફર ઈટાવા(યુ.પી.) ખાતે કરવામાં આવેલી. આ પત્રમાં મારે કઈ જગ્યાએ ફરજ ઉપર હાજર થવાનું તેનુ સરનામુ અને વિગતો દર્શાવેલી છે. એ વાત ખરી છે કે, અમો જે કામ કરતા હતા તે સંસ્થા બંધ થવાના આરે હતી. એ વાત ખરી છે કે, અમો જે જગ્યાએ કામ કરતા હતા તે યુનિટ બંધ થવાનું હતું તેથી અમારી ટ્રાન્સફર કરેલી. હું જે જગ્યાએ કામ કરતો હતો તે યુનિટ બંધ થઈ જાય તો મને કામ ન મળે અને હું બેકાર થઈ જાઉં. એ વાત ખરી છે કે, આ યુનિટ બંધ થતાં પહેલાં અમારી ઈટાવા(યુ.પી.) ખાતે ટ્રાન્સફર આપેલી. અને તે પત્રની સાથે એ ટ્રાન્સફર લેટર મને સંસ્થાએ મારા ઈ-

મેલ ઉપર પણ મોકલી આપેલો. મને નિ. ૬/૧૩ વાળો દસ્તાવેજ પૂછતાં જણાવું છું કે, મારી જે જગ્યાએ ટ્રાન્સફર કરેલ હતી ત્યાં હું હાજર થયેલો ન હતો તેથી હાજર થવા બાબત તા. ૦૭/૧૦/૨૦૧૪ના રોજનો સંસ્થાનો પત્ર જે મને લખેલો તે છે. એ વાત ખરી છે કે, સંસ્થાનો આ પત્ર મળ્યા પછી પણ હું મારી ફરજ ઉપર હાજર થયેલો નહીં. મને નિ. 6/14 વાળો દસ્તાવેજ પૂછતાં જણાવું છું કે, મારી જે જગ્યાએ ટ્રાન્સફર કરેલ હતી ત્યાં હું હાજર થયેલો ન હતો તેથી હાજર થવા બાબત તા. ૧૬/૧૦/૨૦૧૪ના રોજનો સંસ્થાનો પત્ર જે મને લખેલો તે છે. એ વાત ખરી છે કે, સંસ્થાનો આ પત્ર મળ્યા પછી પણ હું મારી ફરજ ઉપર હાજર થયેલો નહીં. એ વાત ખરી છે કે, મારા જેવી વ્યકિત જે કામ કરતી હોય તે સંસ્થામાં ફરજ ઉપર હાજર ન થાય તો સંસ્થામાં ઘણી તકલીફો ઉભી થાય અને તે કારણોસર સંસ્થાએ અન્ય વ્યક્તિ મારફતે પણ અમો જે કામ કરતા હોય તે કામ કરાવવું પડે. મને નિ. ૬/૧૫ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે તે જોઈ કહું છું કે, તે તા. ૧૯/૧૨/૨૦૧૪ ના રોજ અમોને છુટા કર્યા અંગેનો સંસ્થાનો પત્ર છે. એ વાત ખરી છે કે, તે પત્રમાં જણાવ્યા અનુસારના અમારી નોકરી મુજબના તમામ લાભો એક માસની નોટીસ, ગ્રેજ્યુઈટી, રજા પગાર તેમજ અન્ય લાભોની ગણતરી કરી અમોને ચુકવી આપેલા છે. સાહેદ જણાવે છે કે, અમોને બેંકમાં અમારા ખાતામાં જમા આપેલા. એ વાત ખરી છે કે, સંસ્થાએ અમોને જે નાણાં આપેલા તે નાણાં અમોએ આજદિન સુધી પાછા સંસ્થામાં જમા કરાવેલા નથી. એ વાત ખરી છે કે, અમારી જે ટ્રાન્સફર કરવામાં આવેલી તે બાબતે અમોએ કોઈ લેખિત વાંધા આપેલા નહીં, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અમોએ મૌખિક વાંધો લીધેલો. એ વાત ખરી છે કે, મને જે ટ્રાન્સફરની જગ્યાએ હાજર થવા સંસ્થાએ પત્રો પાઠવેલા તેનો અમોએ કોઈ જવાબ આપેલ નથી કે અમો એ જગ્યા ઉપર હાજર થયેલા નથી. હાલમાં હું બેકાર છું. મારા કુટુંબમાં મારા માતૃશ્રી, મારી પત્ની તથા બે બાળકો છે. મારા ઘરમાં કમાનાર વ્યક્તિ હું એકલો જ છું. હું જે રહું છું તે મકાન મારી માલિકીનું છે તે મકાન મારા પિતાશ્રીએ ખરીદ કરેલ છે. હાલમાં મારા કુટુંબનું ભરણ પોષણ હું કરું છું. મારી પાસે વાહનમાં ફોર વ્હીલર છે, ટુ વ્હીલર છે તેમજ ઘરમાં અત્યાધુનિક જરૂરી એવા તમામ સાધનો છે. મારા ઘરનું લાઈટબીલ સરેરાશ ગણતાં રૂા. ૨૫૦૦/– જેટલું આવે છે. મારા બાળકો અંગ્રેજી માધ્યમમાં ભણે છે, મારા બે બાળકો પૈકી એક છઠ્ઠા ધોરણમાં અને એક આઠમાં ધોરણમાં ભણે છે. મારો ઘરખર્ચ માસિક અંદાજે વીસથી પચ્ચીસ હજાર રૂપિયા થાય છે. એ વાત ખરી નથી કે, મારા ઘરનું ભરણ પોષણ અત્યારે હું કરું છું, સાહેદ જણાવે છે

કે, મારા ભાઈ પાસેથી લાવું છું. એ વાત ખરી છે કે, કોઈપણ વ્યકિત અંગત જરૂરીયાત માટે પૈસા આપે, મોજશોખ માટે નહીં. મેં અન્ય કોઈ જગ્યાએ નોકરી મેળવવા માટે લેખિત અરજી કરેલ નથી. એ વાત ખરી નથી કે, હાલમાં પણ હું નોકરી કરું છું. એ વાત ખરી નથી કે, મને સંસ્થામાં જે કામ કરતો હતો તેટલા પગારનું કામ ન મળવાને કારણે સંસ્થા સામે ફરીથી નોકરી મેળવવા માટે હાલનો આ ખોટો કેસ કરેલ છે અને ખોટી જુબાની આપું છું. એ વાત ખરી નથી કે, મારી કસુરને કારણે સંસ્થાએ મને છુટો કરેલ છે.

(૧૧) પ્રથમ પક્ષકાર તરફે સાહેદ નં. ૧ તરીકે આસી. મેનેજર વિક્રમસીંઘની આંક : ૨૦થી સોગંદ ઉપર સરતપાસ રજુ કરી ઉલટ તપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, મારે મારી ફરજો સંસ્થાની દિલ્હી(મંગોલપુરી) ખાતે આવેલી ઓફીસમાં બજાવવાની હોય છે. એ વાત ખરી છે કે, મારી સમગ્ર નોકરી દરમ્યાન મેં ક્યારેય કંપનીના આણંદ ખાતે આવેલા નીમ બાયોસાઈડ પ્લાન્ટ ખાતે મુલાકાત કરેલ નથી. મને એ હકીકતની ખબર નથી કે, આણંદ નીમ બાયોસાઈડ પ્લાન્ટ બંધ કર્યો તે સમયે એ પ્લાન્ટમાં કેટલા કર્મચારીઓ નોકરી કરતા હતા. એ વાત ખરી છે કે, મધર ડેરી ફ્રુટ અને વેજીટેબલ પ્રા. લી. એ મુખ્ય ઈન્ડસ્ટ્રીયલ એસ્ટાબ્લીસમેન્ટ છે અને તેના જુદા-જુદા યુનિટો સમગ્ર ભારત દેશના રાજ્યો અને શહેરોમાં આવેલા છે. આણંદ ખાતેનો નીમ બાયોસાઈડ પ્લાન્ટ એ આ સાઈડ બાબતનું એક પ્લાન્ટ હતું. મધર ડેરી ફ્રુટ્સ એન્ડ વેજીટેબલ પ્રા.લી.ના સમગ્ર દેશમાં આવેલા પ્લાન્ટમાં કામદારોની સંખ્યા ૨૦૦૦ કરતાં વધુ છે. અમે આણંદ બાયોસાઈડ પ્લાન્ટમાંથી જે કામદારોની બદલીઓના હુકમો કર્યા તે પાછળનું કારણ એ હતું કે, આ પ્લાન્ટ કાયમ માટે બંધ કરવાનો હતો. એ વાતની મને ખબર નથી કે, આણંદ બાયોસાઈડ પ્લાન્ટ ખાતે કામ કરતા કર્મચારીઓની તેમની સમગ્ર નોકરી દરમ્યાન આ પ્લાન્ટમાંથી બીજા કોઈ યુનિટમાંથી બદલી કરેલ છે કે કેમ? એ વાત ખરી છે કે, આણંદ બાયોસાઈડ પ્લાન્ટના કર્મચારીઓની બદલીઓ કર્યા બાદ આ પ્લાન્ટ સંપૂર્ણપણે બંધ કરવામાં આવેલ છે. આ કામદારોની જે જે સ્થળે બદલી કરવામાં આવેલ તે કોઈજ સ્થળ આણંદ નીમ બાયોસાઈડ પ્લાન્ટનું યુનિટ ન હતું પરંતુ મધર ડેરીનું યુનિટ હતું. બદલી કરેલ સ્થળે કર્મચારીઓને જે કામગીરી કરવાની હતી તે કામગીરી કર્મચારીઓએ કોઈ દિવસ કરેલ નહોતી પરંતુ તેમની લાયકાત મુજબ તેઓ કરી શકે તેમ હતા. એ વાત ખરી છે કે, જે જે કર્મચારીઓને આ બદલીના હુકમો આપેલા હતા તે કોઈજ કર્મચારીએ આ બદલીના હુકમનુ પાલન કરેલ નહીં અને બદલીના સ્થળે હાજર થયેલા

નહીં તેથી કંપનીના હીસાબે આ તમામ કર્મચારીઓ વગર રજાએ અને વગર પરવાનગીએ અનઅધિકૃત રીતે ગેરહાજર રહેલા હતા. આ કર્મચારીઓને જે નોકરીમાંથી છુટા કરવાની હુકમો આપેલા તે શિક્ષાત્મક હુકમ તરીકે આપેલા હતા. હવે હું કહું છું કે, તેમને છટણી વળતર આપવામાં આવેલ હતું. આ કર્મચારીઓને છુટા કરવાના હુકમો આપતા પહેલાં કોઈ શો-કોઝ નોટીસ, ચાર્જસીટ કે ખાતાકીય બચાવની તક આપેલ છે કે કેમ તેની મને ખબર નથી. એ વાતની મને ખબર નથી કે, આ છટણી કરતા પહેલાં આઈ.ડી.એક્ટ ૧૯૪૭ની જોગવાઈ મુજબ સમુચિત સરકારની યોગ્ય સત્તાધીશની પૂર્વ પરવાનગી લીધેલ કે કેમ? એ વાત ખરી નથી કે, આઈ.ડી.એક્ટ ૧૯૪૭ની કલમ-૨૫(ઓ) ની જોગવાઈ એવોઈડ કરવા માટે અમે આ બદલીઓ કરેલ હતી. એ વાત ખરી છે કે, જો આ કર્મચારીઓની બદલીઓ ના કરી હોત તો અમારે આ પ્લાન્ટ બંધ કરવા માટે ઉપરની જોગવાઈઓ મુજબ પરવાનગી લેવી પડત. હવે કહું છું કે, આણંદ ખાતે જે કર્મચારીઓની સંખ્યા હતી તે જોતાં આવી પરવાનગીની જરૂરત નહોતી.

(૧૨) વધુમાં પ્રથમ પક્ષકાર તરફે સાહેદ નં. ૨ તરીકે ડેપ્યુ. જનરલ મેનેજર દ્વિતેન્દ્રચંદ્ર દાસગુપ્તાની આંક : ૨૬થી સોગંદ ઉપર સરતપાસ રજુ કરી ઉલટ તપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, ડેપ્યુટી જનરલ મેનેજર તરીકે મારે કર્મચારીઓની ભરતી કરવાની, તેમની સામે શિસ્ત ભંગના પગલાં લેવાની, તેમની બદલી કરવાની તેમજ પર્સોનલને લગતી સત્તાઓ છે. મેં મારી નોકરી દરમ્યાન ક્યારેય આણંદ ખાતે ફરજો બજાવેલી નથી. અમારી રજીસ્ટર્ડ ઓફીસ દિલ્હી આવેલી છે. પ્રથમ પક્ષકાર ડેરી દુધ અને દુધની બનાવટોનું ઉત્પાદન, વેચાણ અને પ્રોક્યોરમેન્ટની કામગીરી તેમજ શાકભાજી, ફળ અને ખાદ્ય તેલ વગેરેની પ્રોસેસીંગ જાળવણી વગેરે કરે છે. આ કંપનીના સમગ્ર દેશમાં આશરે ૧૨ થી ૧૫ જેટલા એકમો છે. નીમ બાયો પ્લાન્ટ, આણંદ એ ઉપર જણાવેલ યુનિટો પૈકીનું એક છે. આ તમામ યુનિટોમાં આશરે કેટલા કર્મચારીઓ કામ કરતા હશે તેની મને માહીતી નથી પરંતુ આ તમામ કર્મચારીઓની સંખ્યા ૧૦૦૦ કરતાં વધુ છે. આ કર્મચારીઓને જુદા-જુદા સ્થળે બદલી કરવાનું પ્રથમ કારણ એ હતું કે, દરેક કર્મચારીની તેની કામગીરી મુજબ અન્ય ઠેકાણે જરૂરત હતી અને બીજુ કારણ એ હતું કે, આણંદ ખાતેનો નીમ બાયોસાઈડ પ્લાન્ટ બરાબર ચાલતો ન હતો. નીમ બાયોસાઈડ પ્લાન્ટ ખાતેથી તમામ નોકરીમાં હતા તેવા કર્મચારીઓને જુદી-જુદી જગ્યાએ બદલી કરવામાં આવેલી છે. એ વાત ખરી છે કે, તમામ કર્મચારીઓની બદલી કર્યા બાદ આણંદ ખાતેનો નીમ બાયોસાઈડ પ્લાન્ટ બંધ કરવામાં

આવેલો. એ વાત ખરી નથી કે, તમામ કર્મચારીઓને અન્ય જગ્યાએ બદલી કરવા માટે ખરેખર કોઈ વહીવટીય કારણો હતા પરંતુ કંપની આઈ.ડી.એક્ટ ૧૯૪૭ની કલમ-૨૫(ઓ)ની જોગવાઇઓની અવગણના કરવા માંગતી હતી. એ વાત ખરી છે કે, બદલીના સ્થળે ન જવું અથવા બદલીના હુકમનો અનાદર કરવો એ વહીવટી નિયમો મુજબ ગેરવર્તણુંક બને છે. એ વાત ખરી નથી કે, આ તમામ કર્મચારીઓને ખાતાકીય તપાસ કર્યા વગર છુટા કરેલા છે. આ કામદારો સામે કરેલ ખાતાકીય તપાસની કાર્યવાહીના કાગળો અમે રજુ કરી શકીએ તેમ નથી.

(૧૩) ઉપરોક્ત રેકર્ડ પરના ઉભય-પક્ષના પુરાવાઓને ધ્યાને લેતાં આ કામે રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે કે, હાલના બીજા પક્ષકાર ગુજરાતના રહેવાસી છે અને તે હકીકત તેઓની સોગંદ ઉપરના પુરાવા તેમજ રેકર્ડ પરની હકીકતોથી પુરવાર થાય છે. આ કામે બીજા પક્ષકારની ટ્રાન્સફર ગુજરાતમાંથી ઈટાવા(યુ.પી.) મુકામે કરવામાં આવેલ છે અને તે અંગે પ્રથમ પક્ષકાર દ્વારા રેકર્ડ પર રજુ કરેલ પુરાવા પરથી ગુજરાત મુકામે આવેલ બાયોસાઈડ નીમ પ્લાન્ટ વ્યવસાયિક કારણોસર બંધ કરવાનું કારણ દર્શાવેલ છે અને તેના કારણોસર પ્લાન્ટ બંધ કરતાં પહેલાં બીજા પક્ષકારને વૈકલ્પિક વ્યવસાય મળી રહે તે હેતુથી તેઓની ટ્રાન્સફર ઈટાવા(યુ.પી.) મુકામે કરવામાં આવેલ છે જે જોતાં ગુજરાતથી ઈટાવા(યુ.પી.) મુકામે કરવામાં આવેલ ટ્રાન્સફર અંગે રેકર્ડ પર રજુ કરેલ નિમણુંકપત્રની હકીકતોને ધ્યાને લેતાં તેમજ જ્યારે બીજા પક્ષકાર ગુજરાતના સ્થાનિક રહેવાસી છે ત્યારે ઈટાવા(યુ.પી.) મુકામે ખુબ જ લાંબા અંતરે જ્યારે તેઓની ટ્રાન્સફર કરવામાં આવેલ છે ત્યારે તે ટ્રાન્સફર બીજા પક્ષકારનું હીત જોઈને કરવામાં આવેલ હોવાનું રેકર્ડ ઉપરના કોઈપણ પુરાવાથી ફલિત થતું નથી અને ત્યારબાદ આટલા કીલોમીટર દુરના અંતરે સ્વાભાવિકપણે આ કામના બીજા પક્ષકારની લાંબા વર્ષોની નોકરીની હકીકતોને ધ્યાને લેતાં ઉલટ તપાસ દરમ્યાન રેકર્ડ પર તેઓ પોતાના પરિવાર સાથે ગુજરાતમાં સ્થાનિક રહે છે ત્યારે પ્રથમ પક્ષકારનું ટ્રાન્સફરનું કૃત્ય બીજા પક્ષકારના નિમણુંકપત્રની હકીકતોને ધ્યાને લેતાં પણ યોગ્ય ગણી શકાય નહીં. એટલું જ નહીં પરંતુ બીજા પક્ષકાર દ્વારા ઈટાવા(યુ.પી.) મુકામે પોતાની ફરજ ઉપર હાજર ન થતાં તે અંગેની કોઈ ખાતાકીય ઈન્કવાયરી પ્રથમ પક્ષકાર દ્વારા કરવામાં આવેલ હોય અને ત્યારબાદ તેઓને છુટા કરવામાં આવ્યા હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો રેકર્ડ પર રજુ કરવામાં આવેલ ન હોય તેવા સંજોગોમાં ખાતાકીય ઈન્કવાયરી કર્યા વગર આ કામના બીજા પક્ષકારને છુટા કર્યાનું રેકર્ડ પરથી જણાઈ આવે છે જે પ્રથમ પક્ષકારનું પગલું ખાતાકીય તપાસ કર્યા સિવાય છુટા

કર્યાનું હોય યોગ્ય ગણી શકાય નહીં. આ કામે રેકર્ડ પર આવેલ પુરાવાને ધ્યાને લેતાં બીજા પક્ષકારને આપવામાં આવેલ ટ્રાન્સફર ઓર્ડર નિ. ૬/૧૨થી આ કામે રજુ રાખેલ છે જેમાં ધંધાકીય જરૂરીયાતને ધ્યાને લઈને વૈકલ્પિક રોજગાર આપવાના હેતુથી ટ્રાન્સફર કરવામાં આવેલ છે તે પ્રકારની હકીકતો જણાવેલ છે જે અનુસંધાને આંક : ૨૦ના તથા આંક : ૨૬ના સાહેદ દ્વારા સોગંદ પરના પુરાવામાં ટ્રાન્સફર અંગેનું જે કારણ જણાવેલ છે તેનાથી બિલકુલ અલગ પ્રકારનું કારણ જવાબમાં જણાવેલ છે. જવાબમાં તેઓએ માનવતાના ધોરણે મેનેજમેન્ટ દ્વારા ગુજરાત ખાતેનો પ્લાન્ટ બંધ કરવાનો હોય જેથી ટ્રાન્સફર કરવાનું કારણ દર્શાવેલ છે. જ્યારે પ્રથમ પક્ષકાર તરફે આંક : ૨૦ના તથા આંક : ૨૬ના સાહેદ નિમણુંકપત્રની શરતોને આધિન અને ધંધાની જરૂરીયાતના હેતુથી ટ્રાન્સફર કરેલ હોવાનું જણાવે છે જે બન્ને કથનો એકબીજાથી વિરોધાભાષી જણાઈ આવે છે. જ્યારે આ કામે બીજા પક્ષકાર દ્વારા પોતાના માંગણા નિવેદનમાં તેમજ સોગંદ ઉપરના પુરાવામાં તેઓની ઈટાવા(યુ.પી.) મુકામેની ટ્રાન્સફર અંગે ગુજરાત મુકામેનો પ્લાન્ટ બંધ કરવાનું કારણ દર્શાવેલ છે. આ કામે પ્રથમ પક્ષકાર તરફે સોગંદ ઉપર તપાસવામાં આવેલ આંક : ૨૦ના સાહેદનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો ઉલટ તપાસમાં આણંદ બાયોસાઈડ પ્લાન્ટમાંથી કામદારોની બદલીના હુકમો કર્યા તે પાછળનું કારણ "આ પ્લાન્ટ કાયમ માટે બંધ કરવાનો હતો." જ્યારે આંક : ૨૬ના પ્રથમ પક્ષકાર તરફેના સાહેદની ઉલટ તપાસમાં "આણંદ ખાતેનો નીમ બાયોસાઈડ પ્લાન્ટ બરાબર ચાલતો ન હતો આ પ્લાન્ટ ખાતેથી તમામ નોકરીમાં હતા તેવા કર્મચારીઓને જુદી-જુદી જગ્યાએ બદલી કરવામાં આવેલી, તમામ કર્મચારીઓની બદલી કર્યા બાદ આ પ્લાન્ટ બંધ કરવામાં આવેલો." આમ સોગંદ ઉપરનો ઉપરોક્ત પુરાવો જોતાં સમગ્રપણે બીજા પક્ષકારની ટ્રાન્સફર કરવા માટેનું કારણ આણંદ ખાતેનો પ્લાન્ટ કાયમ માટે બંધ કરવાનું રેકર્ડ પરના પુરાવા પરથી પુરવાર થાય છે. આ કામે રેકર્ડ પર ક્લોઝર અંગેની હકીકતો ધ્યાને લેતાં ઔધોગિક વિવાદધારા ૧૯૪૭ની કલમ-૨૫(એન), ૨૫(ઓ)ની જોગવાઈઓ અનુસર્યા વિના ક્લોઝર અંગેનું પગલું ન્યાયોચિત ઠરાવી શકાય નહીં અને આ કામે પ્રથમ પક્ષકાર દ્વારા ઔધોગિક વિવાદધારા ૧૯૪૭ની કલમ-૨૫(એન) અને ૨૫(ઓ)ની જોગવાઈઓ અનુસર્યા અંગેનો કોઈ પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી અને તે સંજોગોમાં આ કામે કરવામાં આવેલ બીજા પક્ષકારની ટ્રાન્સફરનું પગલું કાયદેસરનું ઠરાવી શકાય નહીં અને તે સંજોગોમાં ટ્રાન્સફરના કારણે હાજર ન થતાં બીજા પક્ષકારને છુટા કરવાનું પગલું પણ ઉપરોક્ત કારણોસર કાયદેસરનું ઠરાવી શકાય તેમ નથી તે

સંજોગોમાં જ્યારે ઔદ્યોગિક વિવાદધારા ૧૯૪૭ની કલમ–૨૫(ઓ)ની જોગવાઈ અનુસર્યા વિના પ્રથમ પક્ષકાર દ્વારા આ કામના બીજા પક્ષકારને છુટા કરવાનું પગલું ગેરકાયદેસરનું હોય તે સંજોગોમાં આ કામે પ્રથમ પક્ષકાર તરફે રજુ થયેલ ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો સાથે અત્રેની અદાલત નમ્રપણે સંમત થાય છે પરંતુ હાલના કેસની હકીકતોથી રજુ થયેલ ચુકાદાઓના કેસની હકીકતો ભિન્ન હોય ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબ હાલના કામે લાગુ પાડી શકાય તેમ નથી જે જોતાં ઔદ્યોગિક વિવાદધારા ૧૯૪૭ની કલમ–૨૫(ઓ)(૬) મુજબ આ કામના બીજા પક્ષકારને નોકરીની સળંગતા સહીત પુનઃસ્થાપિત કરવાથી ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોય મુદ્દા નં. ૧નો જવાબ ઉપરોક્ત કારણોસર અંશતઃહકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: <u>હુ ક મ</u> :-**

(૧) બીજા પક્ષકારનો રેફરન્સ નં. ૧૦૪/૨૦૧૫ અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) પ્રથમ પક્ષકારને આદેશ કરવામાં આવે છે કે, બીજા પક્ષકારને નોકરીની સળંગતા સહીત મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા.

(૩) સદરહુ એવોર્ડનો અમલ તે પ્રસિધ્ધ થયેથી દિન–૩૦માં કરવો.

(૪) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**Date : 27/12/2019**
**Place : ANAND**

**MS. NIMISHA GANGARAMBHAI SURATI**
**GJ00711**
**PRESIDING OFFICER**
**(Judge)**
**LABOUR COURT,ANAND.**

K.K.PRANKADA:PA